આપણા ભગવદીય વૈષ્ણવો-૪

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' હિન્દી માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

(૧,૨ ના)લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા
અનુવાદ : પ્રો.લવકુમારભાઈ દેસાઈ-વડોદરા
(૩ ના) લેખક : શાસ્ત્રીજી શ્રીવ્રજેશકુમારજી પાઠક-વડોદરા.
તથા
(૪ ના)લેખક : કાન્તિભાઈ ર.ગાંધી-અમદાવાદ

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) શ્રીમદ્ભગવદ્ગીતા-વિશ્વરૂપ દર્શનયોગ (અગિયારમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૨) શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.) (પ્રમીલાવ્યાખ્યાસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૩) શ્રીમદ્ ભગવદ્ગીતા-દૈવાસુર સમ્પદ્વિભાગયોગ (સોળમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૭,૦૦૦
(૪) The Way of the Excellent life	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૧૮,૦૦૦
(૫) ShreeVallabhacharyaji-His life and Works and His message for Mankind	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૩૫,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૮	વડોદરા શિબિર	૧૫	૩૦૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮) ભક્તિવર્ધિની ભાગ-૬	જૂનાગઢ શિબિર	૨	૪૦
૧૯) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૩	૬૦
૨૦) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૧) યમુનાષ્ટક	મુંબઈ પ્રવચન	૯	૧૮૦
૨૨) વિવેકધૈર્યાશ્રય	મુંબઈ પ્રવચન	૧૦	૨૦૦
૨૩) ભક્તિવર્દ્ધિની	મુંબઈ પ્રવચન	૩	૬૦
૨૪) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૫) રાસપંચાધ્યાયી	મુંબઈ પ્રવચન	૩	૬૦
૨૬) ગોપીગીત	મુંબઈ પ્રવચન	૨	૪૦
૨૭) દાનલીલા	મુંબઈ પ્રવચન	૧	૨૦
૨૮) યુગલગીત	મુંબઈ પ્રવચન	૧	૨૦
૨૯) ભ્રમરગીત	મુંબઈ પ્રવચન	૧	૨૦
૩૦) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઈ પ્રવચન	૨	૪૦
૩૧) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૨) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૩) કીર્તન-ભાવાર્થ શિબિર	અમદાવાદ શિબિર	૭	૧૪૦
૩૪) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૫) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૬) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૭) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૮) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૯) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઈ પ્રવચન	૧	૨૦
૪૦) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૧) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૨) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૩) શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૪) વેણુગીત	બેંગ્લોર-રાજકોટ ક્લાસ	૪	૮૦
૪૫) ભક્તિહંસ	વડોદરા શિબિર	૮	૧૬૦
૪૬) વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૭) ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૮) ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૯) પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૫૦) અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૨	૪૦
૫૧) પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૨) અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૩) અષ્ટાંગયોગ,અણુભાષ્ય, નવરત્ન શિવરાત્રીવ્રત, ભગવચ્ચરણચિહ્न	બાળ-શિબિર-૭ જૂનાગઢ	૧	૨૦
૫૪) દામોદરલીલા,અધિકમાસનું માહાત્મ્ય	વડોદરા પ્રવચન	૧	૨૦
૫૫) યમુનાજીના પદો	અમદાવાદ શિબિર	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

આપણા ભગવદીય વૈષ્ણવો-૪

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' હિન્દી માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

(૧,૨ ના)લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા
અનુવાદ : પ્રો.લવકુમારભાઈ દેસાઈ-વડોદરા
(૩ ના) લેખક : શાસ્ત્રીજી શ્રીવ્રજેશકુમારજી પાઠક-વડોદરા.
તથા
(૪ ના)લેખક : કાન્તિભાઈ ર.ગાંધી-અમદાવાદ

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -
અ.સૌ.શ્રીસ્મિતાબેન કનૈયાલાલ શાહ-પરિવારના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક :
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૯, ચૈત્ર વદ, ઈ.સ. મે-૨૦૧૩

પ્રત - ૫૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

અનુક્રમણિકા

પૃષ્ઠ

(૧) શ્રીમહાપ્રભુજીના સેવક પ.ભ. શ્રીદામોદરદાસ સંભરવાળા ૫-૮

(૨) શ્રીગુસાંઇજી પ્રભુચરણના સેવક પ.ભ. શ્રીકૃષ્ણભટ્ટજી ૯-૧૫

(૩) પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રીપુરુષોત્તમજી ૧૬-૧૯

(૪) પુષ્ટિમાર્ગના પારસમણિ શ્રીનાગરદાસ કા. બાંભણિયા ૨૦-૨૪

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **‘આપણા ભગવદીય વૈષ્ણવો-૪’** પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના ભગવદીય વૈષ્ણવોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, ૧૩ થી ૧૮, ૧૯ થી ૨૫, ૨૬ થી ૪૦ તથા ૪૦ ઉપરના વયસ્કોની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૧૧ મે થી ૧૮ મે ૨૦૧૩) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૨ થી ૧૮ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત ‘આચાર્ય શ્રીવલ્લભ’ ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન વડોદરાના ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યા છે.

આ પ્રકાશનનાં કાર્યમાં અ.સૌ.શ્રીસ્મિતાબેન કનૈયાલાલ શાહ-વડોદરાએ કે જેમણે આ પહેલાં પણ અનેક વખત આ મુજબ દ્રવ્ય સહયોગ કર્યો છે તેમણે શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં તત્પરતા દાખવી પોતાના દ્રવ્યનો આ સત્કાર્યમાં વિનિમય કર્યો તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો.

ગુજરાતી વિ.સં.૨૦૬૯,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ**,સોમવાર
૧૬-૪-૨૦૧૩-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા ભગવદીય વૈષ્ણવો-૪

(૧) શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસ સંભરવાળા

શ્રીઠાકોરજીની સેવામાં શરમ શાની ?

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

દામોદરદાસ સંભરવાળા ક્ષત્રી કનોજના રહેવાસી હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક હતા. શ્રીમહાપ્રભુજીએ તેમને અને તેમની પત્નીને નામમંત્ર આપી સમર્પણ કરાવ્યું હતું. તેમના મસ્તક પર શ્રીદ્વારકાનાથજીનું સ્વરૂપ બિરાજતું હતું.

દામોદરદાસ પાસે પુષ્કળ ધન હતું. સમર્પણ પછી તેઓ આ ધનનો વિનિયોગ માત્ર શ્રીઠાકોરજીના નિમિત્તે કરતા હતા. આમ તેમના સેવ્ય શ્રીદ્વારકાનાથજીની સેવા અત્યંત ઠાઠમાઠથી થતી હતી.

સાચે જ શ્રીદામોદરદાસ શ્રીમંત હતા. તેમના સસરા પણ શ્રીમંત હતા. શહેરમાં તેમની ખૂબ પ્રતિષ્ઠા હતી. તેમણે તેમની દીકરીને દહેજમાં એક સો દાસી આપી હતી, એટલા માટે કે ઘરનું સઘળું કામકાજ આ દાસીઓ કરે અને તેમની દીકરી આરામથી પોતાનું જીવન વ્યતીત કરે.

પરંતુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે,

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥

શરીરનું જો કોઈ પણ અંગ ભગવત્સેવામાં કાર્યાન્વિત ન હોય તો, તે અંગનો નિરોધ કરવો જોઈએ.

પ.ભ.શ્રીદયારામભાઈએ પોતાની જીભ માટે કહ્યું છે,

करे गुनगान गोविंद का तो मुखमें पडी वो भला ।
वरन् खींच निकालूँगा क्या मुख में याम भला ॥

જીભ જ નહીં પણ હાથ, પગ, આંખ, કાન, નાક, ત્વચા વગેરે શરીરનાં સર્વ અંગોનો ઉપયોગ કૃષ્ણસેવામાં જ થવો જોઈએ. કહેવું સહેલું છે પણ તેનો અમલ કેટલા લોકો કરે છે ! હા, તેવા જ એક દામોદરદાસ હતા, જે શબ્દશઃ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરતા હતા.

દામોદરદાસજી શ્રીઠાકોરજીની સેવા જાતે જ કરતા હતા. સેવામાં કોઈની મદદ લેતા ન હતા - સેવા મંદિર (નંદાલય)માં બુહારીથી માંડી શ્રીઠાકોરજીના ભોગ માટે સામગ્રી સિદ્ધ કરવા સુધી. જો શ્રીઠાકોરજીની સેવા માટે જલની આવશ્યકતા હોય તો જલાશયમાંથી ભરી લેવાનું કાર્ય પણ પોતે જ કરતા હતા.

પુષ્ટિભક્તોમાં સર્વશ્રેષ્ઠ એવા ભક્તકવિ શ્રીસૂરદાસજીએ એક પદમાં કહ્યું છે,

सूर भजन कलि केवल कीजे, लज्जा कान निवारी ।

ગોપીજનોએ લોકલાજ છોડીને અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણની સેવા કરી હતી. શ્રીદામોદરદાસનો આદર્શ ગોપીજન હતા. સેવામાં શરમ શાની ? દરરોજ તેઓ સ્નાન વગેરે કાર્ય સંપન્ન કરી, અપરસમાં આવી, પોતાના હાથમાં એક ગાગર લઈ, જલાશય તરફ જતા. જલાશય તરફ જવાનો રસ્તો તેમના સસરાની દુકાન પાસેથી જતો હતો. સસરાજીએ જોયું કે આ તો જમાઈ પોતે હાથમાં ગાગર લઈ જલ ભરવા જઈ રહ્યા છે. તેમને લાગ્યું કે આને કારણે

સમાજમાં અને જ્ઞાતિમાં તેમની અત્યંત માનહાનિ થઈ રહી છે. આટલા મોટા સુપ્રતિષ્ઠિત શ્રીમંતનો જમાઈ એક નાનકડી પોતડી અંગ પર ધારણ કરી, અનેક લોકોની વેધક નજરમાંથી પસાર થઈ જઈ રહ્યો હોય, એ કેવી બેશરમીની વાત છે!

પોતાની આબરૂ બચાવવા તેઓ કટિબદ્ધ થયા. તેઓ પોતાના જમાઈને ઘરે પહોંચ્યા. જઈને કહ્યું, દામોદરદાસ ! તમે ખભા પર જલની ગાગર ભરીને જાઓ છો તે જોઈને અમને ખૂબ શરમ આવે છે. ઘરમાં જે કાંઈ કરવું હોય તો તમે જાતે કરો, પરંતુ ઘરની બહાર જે કરવાનું છે તે નોકરની પાસે કરાવો. તમારી અને અમારી બંનેની આબરૂ જળવાશે.

દામોદરદાસના મનમાં સેવા અને લોકલાજ બંનેનો મેળ ના બેઠો. તેમણે વિચાર્યું કે ભગવત્ સેવા કરવામાં વળી શરમ શેની ? ચક્રવર્તી મહારાજ અંબરીષ પણ પોતાના હાથથી જ ભગવત્સેવા કરતા હતા. સામગ્રી સિદ્ધિ કરવામાં જે લોટ જોઈએ તે પણ પોતાના હાથથી ઘંટીમાં પીસીને પ્રાપ્ત કરતા હતા. તેઓ હંમેશા એમ જ વિચારતા કે મારું જીવન ભગવત્સેવા માટે છે. હું અવશ્ય એ જ કરીશ જે મારે કરવું જોઈએ.

પરંતુ સસરાજીની આબરુનું શું ? ભગવત્સેવાનું વિશિષ્ટ સ્વરૂપ પોતાના સસરાજીને સમજાવવા માટે બીજે દિવસે તેમણે એક વિશિષ્ટ આયોજન કર્યું. અત્યારસુધી તો તેઓ એકલા જ ભગવત્સેવા માટે જલ ભરવા જતા હતા. તે દિવસે તેમની પત્ની એટલે કે સસરાજીની દીકરીના હાથમાં તેમણે એક ગાગર પકડાવી દીધી. દામોદરદાસે પત્નીને કહ્યું, દેવી, તમે પણ ચાલો. ભગવાનની સેવા માટે આપણે બંને જલ ભરીને લઈ આવીએ.

તેમના પત્ની પણ ભગવદીય હતા. ઘરમાં સેવા સંબંધનું સર્વ કાર્ય પોતે જાતે કરતા હતા. તેમણે ગાગર લઈ લીધી અને પતિની સાથે જલ ભરવા માટે નીકળી પડ્યા. પતિપત્ની બંને જલ ભરવા માટે જતા અને આવતા બંને સમયે દામોદરદાસજીના સસરાની દુકાનની પાસેથી નીકળતાં. સસરાજીએ આ દશ્ય જોયું. તેમણે શરમના માર્યા માથું નીચું કર્યું, પણ સમજી ગયા. સમજી ગયા કે દામોદરદાસ અનન્ય વ્રતી છે, શરમ લોકાર્થીને લાગતી હોય છે, સેવા વ્રતીને નહીં.

તેઓ દામોદરદાસજીને ઘરે ગયા. જઈને તેમની આગળ પોતાનું મસ્તક ઝુકાવ્યું. કહ્યું, દામોદરદાસજી ! મારી ભૂલ થઈ કે મેં તમારી પાસે આવીને તમે જલ ભરવા ના જાઓ, એમ કહ્યું, મારી ભૂલ માટે હું તમારી ક્ષમા યાચું છું. હવેથી તમે તમારી સેવા તમારી મરજી મુજબ કરજો. તમે જલ ભરો પણ કૃપા કરીને મારી દીકરી પાસે જલ ન ભરાવશો. હવે હું તમને એક શબ્દ પણ નહીં કહું. ક્ષમા કરો.

દામોદરદાસ તો પરમ વૈષ્ણવ હતા. તેમના મનમાં અદેખાઈ કે ઈર્ષાનો ભાવ તો સંભવી જ ન શકે. પોતાના સસરાના વેણ સાંભળીને તેમણે વિચાર્યું, આજે મેં મારી પત્નીના હાથથી જલ સેવા કરાવી, પણ હવે જો હું તેને આ છોડાવી દઉં તો મારા સસરાની મર્યાદાનો દોષ મને લાગે. હું મારી પત્નીને જ બધી વાત બતાવી દઉં. જો તે ભગવત્ પ્રેમથી પ્રેરિત થઈને જલ સેવા કરવા ઈચ્છતી હશે તો કરી શકે છે અને જો તેના પિતાની મર્યાદા જાળવવા ઈચ્છતી હશે તો હું જલસેવાનો આગ્રહ નહીં રાખું.

તેમણે પોતાની પત્નીને કહ્યું, દેવી, આજથી ફક્ત હું જ જલ ભરવા જઈશ. તમારા પિતાજીની આબરુને ધક્કો લાગે છે. તેથી તમે ઈચ્છો તો જલ ભરો, ન ઈચ્છો તો નહીં. મારો કોઈ આગ્રહ નથી.

તેમનાં પત્ની પરમ ભગવદીય હતા પણ ભગવત્ સેવાના મર્મને પૂર્ણ સ્વરૂપે સમજી શક્યા ન હતા. હજુ પણ કશુંક ખૂટતું હતું. તેથી તેમણે કહ્યું, વારુ, તમે જ જલ ભરજો, અને તેઓ બીજે દિવસે જલ ભરવા માટે ન ગયા. અલબત્ત, ઘરમાં તો તેમણે સેવાનાં સર્વ કાર્યો પોતાનાં હાથથી જ કર્યાં.

શ્રીદામોદરદાસ આવા એકનિષ્ઠ ભગવદીય હતા.

* * *

(૨) શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવક કૃષ્ણભટ્ટજી

ભાવાવેશમાં થઈ ગયેલી ભૂલને ભગવાન ભૂલ નથી સમજતા

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

ભાવાવેશમાં આવીને જ્યારે ભક્ત પરંપરાને અતિક્રમીને કોઈ મનોરથ કરતો હોય છે ત્યારે ભગવાન નિજ ભક્તના ભાવને અપનાવે છે. તેઓ તેની ભૂલને જોતા નથી, નિજ ભક્તના હૃદયના નિર્મલ ભાવથી વશીભૂત થઈ જતા હોય છે. તેઓ પ્રેમથી કરવામાં આવે તો મનોરથ મર્યાદાથી વિરુદ્ધ હોવા છતાં પણ સ્વીકારે છે. શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીના એક ભક્તે ભૂલથી કાલાતિક્રમણ કર્યું, છતાં પણ ભગવાને તેને અપનાવી લીધો. નામ હતું તેનું કૃષ્ણભટ્ટજી અને તેઓ હતા શ્રીમદાચાર્યચરણના ૮૪ વૈષ્ણવોમાંના એક શ્રીપદ્માવલના પુત્ર.

કૃષ્ણભટ્ટજી પુરાણપ્રસિદ્ધ ઉજ્જૈનનગરીના રહેવાસી હતા. તેઓ વૈષ્ણવતાનું નિર્વહણ કરવામાં પોતાના પિતાથી ઉતરતા નહોતા. તેમણે શ્રીગુસાંઈજી પાસે બ્રહ્મસંબંધની દીક્ષા પ્રાપ્ત કરી હતી. તેઓ એક ઉત્તમ વૈષ્ણવ હોવા ઉપરાંત એક શ્રેષ્ઠ વિદ્વાન પણ હતા.

કૃષ્ણભટ્ટજીનો પોતાના ગુરુદેવ શ્રીગુસાંઈજી પ્રતિ શુદ્ધ ભક્તિભાવ હતો. ત્યાંસુધી કે તેઓ પોતાના ગુરુદેવની આજ્ઞાને ભગવાનની આજ્ઞાથી વિશેષ માનતા હતા. શ્રીગુસાંઈજીનો પણ તેમના પ્રતિ દૃઢ અનુરાગ હતો. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીમદ્ ભગાવતનું શ્રીસુબોધિનીજી સહિત અધ્યયન કરાવ્યું હતું. કૃષ્ણભટ્ટજી શ્રીમદ્ ભાગવતની કથા આજીવિકા માટે નહીં પણ

ભગવલ્લીલાના ગુણગાન કરવાના હેતુથી કરતા હતા. તેઓશ્રીના અનેક શ્રોતાઓમાં એક કણબી વૈષ્ણવ પણ હતો. એક દિવસ કથાપાન કરાવતાં કૃષ્ણભટ્ટજીએ કહ્યું કે વ્રજમાં જે ગોવર્ધન પર્વત છે તે રત્નખચિત શિલાઓથી સમૃદ્ધ છે. તેનો દેહ સુવર્ણમય છે અને તેની પાસે જે ગોવિંદકુંડ છે તે દૂધથી ભરેલો છે. કણબી વૈષ્ણવે આ સાંભળ્યું. પણ મનમાં સંશયનો કીડો સળવળવા લાગ્યો.

કેટલાક દિવસો પછી તે કણબી શ્રીગુસાંઈજીનાં દર્શન માટે ગયો. દર્શન કર્યા પછી તેણે પોતાનો સંશય શ્રીમદ્ પ્રભુચરણ સમક્ષ વ્યક્ત કર્યો. શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે આ કણબી વૈષ્ણવને મારા સેવકનાં વચનોમાં શ્રદ્ધા નથી, સંશય છે. તેથી આપે પેલા વૈષ્ણવને દૃષ્ટિદાન કર્યું, જેના પરિણામરૂપે તે વૈષ્ણવ શ્રીગોવર્ધનના સુવર્ણમય દેહને અને ગોવિંદકુંડને દૂધથી ભરેલો જોઈ શક્યો. આ રીતે શ્રીકૃષ્ણભટ્ટજી શ્રીગુસાંઈજીના અત્યંત કૃપાપાત્ર હતા.

કૃષ્ણભટ્ટજી શ્રીનાથજીના પણ કૃપાપાત્ર હતા. એક દિવસ તેઓ શ્રીનાથજીના ભીતરિયાની સાથે અપરસમાં સ્નાન કરીને શ્રીનાથજીની સેવામાં લાગી ગયા હતા. સેવા તો ભાવથી કરી પરંતુ ચરણસ્પર્શ નહીં કર્યો.

શ્રીનાથજીએ ભટ્ટજીને કહ્યું, ચરણસ્પર્શ તો કરો.

કૃષ્ણભટ્ટજીએ કહ્યું, લીલાનાં દર્શન દેશો ત્યારે ચરણસ્પર્શ કરીશ.

શ્રીનાથજીએ જણાવ્યું, લીલાનાં દર્શન તો દેહાંતના સમયે થશે.

કૃષ્ણભટ્ટ ઉદાસ થઈ ગયા.

જ્યારે શ્રીગુસાંઈજીએ આ જોયું ત્યારે આપશ્રીએ પૂછયું, કૃષ્ણ ભટ્ટ! શ્રીનાથજીબાવાની સેવા કર્યા બાદ તમે ઉદાસ કેમ દેખાવ છો ?

કૃષ્ણભટ્ટજી એ બધી વાત કહી સંભળાવી, સાંભળીને શ્રીગુસાંઈજી હસ્યા અને કહ્યું, કૃષ્ણ ભટ્ટ, ઉદાસ ન થાઓ. શ્રીનાથજી તો બાળક છે. આમ

કહીને આપે કૃષ્ણ ભટ્ટનો હાથ પકડીને શ્રીનાથજી બાવાના ચરણસ્પર્શ કરાવ્યા. તે જ ક્ષણે કૃષ્ણભટ્ટજીને કૃષ્ણલીલાનાં દર્શન થયાં. શ્રીગુસાંઇજી આવા સમર્થ ગુરુદેવ હતા અને કૃષ્ણભટ્ટ આવા અનન્ય સેવક હતા.

હવે તો શ્રીનાથજીબાવા કૃષ્ણભટ્ટને સાનુભવ કરાવા લાગ્યા. સ્વામી અને સેવક બંનેને એકબીજા વગર ચેન પડતું ન હતું. કૃષ્ણ ભટ્ટ પોતાના સ્વામીની સેવામાં વિવિધ પ્રકારના મનોરથો કરતા અને શ્રીનાથજીબાવા તેનો સ્વીકાર કરતા હતા વસંતપંચમીનો દિવસ આવવાનો હતો. આજે ચતુર્થી હતી. પરંતુ ભાવાવેશમાં કૃષ્ણભટ્ટજીએ તે દિવસે વસંતપંચમીનો દિવસ સમજીને ભગવાનને વસંતનો ફાગ ખેલાવ્યો. શ્રીનાથજીબાવાનાં અંગ ગુલાલથી ભરાઇ ગયા. આવા સ્વરૂપમાં તેમણે ગિરિરાજજીએ જોયું કે શ્રીનાથજીનું સમગ્ર શ્રીઅંગ ગુલાલથી ભરેલું છે.

તેમણે શ્રીગુસાંઇજીને પૂછ્યું, મહારાજ શ્રીનાથજીબાવાને કોણે ખેલાવ્યા ? વસંતના ફાગ ખેલથી શ્રીનાથજીનું શ્રીઅંગ રંગાઇ ગયું છે.

શ્રીગુસાંઇજીએ કહ્યું, આ તો કૃષ્ણભટ્ટનું કાર્ય છે. ભટ્ટજીએ આજે શ્રીનાથજી બાવાને ગુલાલથી રંગી નાખ્યા છે.

રામદાસજીએ પોતાના મનની મૂંઝવણ વ્યક્ત કરતા કહ્યું, મહારાજ, વસંતપંચમી તો કાલે છે. ભટ્ટજી ભૂલ્યા, પરંતુ શ્રીનાથજીબાવાએ ભટ્ટજીને તેમની ભૂલ કેમ ન બતાવી ?

ગુસાંઇજીએ સમજાવ્યું, કૃષ્ણભટ્ટ ભગવાનના અનન્ય ભક્ત છે. ભાવાવેશમાં આવીને તેમણે કાલનો ખેલ આજે કર્યો. શ્રીનાથજીએ તેમના ભાવને અપનાવ્યો અને તેમના મનોરથને સિદ્ધ કર્યો. ભગવાન ભક્તાધીન છે અને સાચા ભક્તને કાળનું કોઇ બંધન નથી હોતું.

હવે તો શ્રીનાથજી કૃષ્ણભટ્ટજીથી દૂર રહી શકતા નહોતા. એક દિવસ ભટ્ટજી ગોકુલ ગયા તથા ચાચા હિત હરિવંશજીની સાથે ભગવદ્વાર્તા કરવા લાગ્યા.

ભટ્ટજીએ ચાચાજીને પૂછ્યું, આવી દિવ્ય સુગંધ અહીં ક્યાંથી આવી?

ચાચાજીએ કહ્યું, આ તમારો લાડલો તમારી પછવાડે દોડતો દોડતો આવ્યો છે. તેમના રસપૂર્ણ આનંદમય શ્રીઅંગમાંથી નીકળેલી આ દિવ્ય સુગંધ છે.

ભટ્ટજી તો આ સાંભળી આનંદવિભોર થઈ ગયા.

કૃષ્ણભટ્ટજી વૈષ્ણવપ્રેમી હતા. ગુજરાતથી ગોકુલની યાત્રા કરનારા વૈષ્ણવ ઉજ્જૈન થઈને ત્યાં જતા હતા. કૃષ્ણ ભટ્ટજી તેઓનો ભાવથી સત્કાર કરતા અને આગ્રહપૂર્વક પોતાના ઘરે લઈ જતા. વૈષ્ણવોની સાથે ભગવદ્વાર્તા કરતી વખતે તેઓ દેહાનુસંધાન ભૂલી જતા. ભક્તિની આવી ઉચ્ચ સ્થિતિ પર તેઓ પહોંચી ગયા હતા.

કૃષ્ણભટ્ટ તેમના જીવનકાળ દરમ્યાન ઉજ્જૈનમાં રહ્યા અને તેમના સેવ્ય ઠાકોરજીની સેવા કરતા રહ્યા. પરંતુ તેઓ વારંવાર ગોકુલ જતા અને શ્રીગુસાંઈજીનો દર્શનલાભ પામી તેમનાં નેત્રો ધન્ય ધન્ય બની જતાં.

કૃષ્ણ ભટ્ટજીનું સેવ્ય સ્વરૂપ સ્વામિનીજી સહિત શ્રીબાલકૃષ્ણજીનું છે. બાલકૃષ્ણજીનું યુગલ સ્વરૂપ ભટ્ટજીને શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી દ્વારા પ્રાપ્ત થયું હતું. સ્વરૂપ પ્રાપ્તિની અદ્ભુત અલૌકિક કથા આ પ્રકારે સાંભળવામાં આવી છે :-

ગર્ગસંહિતાના ગોલોકખંડના સોળમા અધ્યાયમાં રસેશ્વર શ્રીકૃષ્ણ અને રાસેશ્વરી શ્રીરાધિકાજીના વિવાહખેલનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. કથા અનુસાર, ભાંડીરવનમાં બ્રહ્માજી દ્વારા બાલક કૃષ્ણ અને કિશોરી રાધાનો વિવાહ કરાવવામાંઆવ્યો હતો. આગળની કથા આ પ્રમાણે સાંભળવામાં

આવી છે. વિવાહ સંપન્ન થયા પછી શ્રીકૃષ્ણની ચતુર્થપ્રિયા શ્રીયમુનાજી યુગલસ્વરૂપને પોતાના નિકુંજમાં લઈ ગયાં. ત્યાં નિકુંજમાં તેમણે આ સ્વરૂપની ભાવપૂર્ણ સેવા કરી. યમુનાજીની સેવાથી પ્રસન્ન થઈને યુગલ સરકારે યમુનાજીને વરદાન માંગવાનું કહ્યું. શ્રીયમુનાજીએ વરદાન માંગ્યું, જો તમે મારા પર પ્રસન્ન થયા હો તો આ રૂપમાં તમે સદૈવ મારા જલમાં નિવાસ કરો. ત્યારથી શ્રીબાલકૃષ્ણનું સ્વામિનીજી સહિત યુગલ સ્વરૂપ યમુના જલમાં નિવાસ કરવા લાગ્યું.

એક દિવસ જ્યારે શ્રીગુસાંઈજી યમુનાજીનાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે આ અલૌકિક યુગલ સ્વરૂપ આપની જનોઈમાં લાગીને બહાર પ્રગટ થયું. આ સ્વરૂપનાં દર્શન કરી શ્રીગુસાંઈજી અતિપ્રસન્ન થયા. તેઓશ્રીએ યુગલ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવ્યું અને પોતાની સેવામાં પધરાવ્યું.

કૃષ્ણભટ્ટ સમર્થ વિદ્વાન હતા. શ્રીગુસાંઈજીએ તેમને પોતાના લાલનને વિદ્યાભ્યાસ કરાવવાની આજ્ઞા આપી. કૃષ્ણભટ્ટે ગુસાંઈજીના લાલનને ભણાવ્યા. પછી શ્રીગુસાંઈજીએ કૃષ્ણ ભટ્ટને કહ્યું, તમે તમારી ગુરુદક્ષિણા માગી લો. કૃષ્ણભટ્ટજીએ તો ગુરુદક્ષિણામાં શ્રીબાલકૃષ્ણજીનું આ અલૌકિક યુગલ સ્વરૂપ માંગ્યું. શ્રીગુસાંઈજીએ પ્રેમથી આ યુગલ સ્વરૂપ ભટ્ટજીના મસ્તક પર પધરાવ્યું અને તેમની સેવા કરવાનો આદેશ આપ્યો.

સાત નિધિ સ્વરૂપોમાં શ્રીબાલકૃષ્ણજીનું જે સ્વરૂપ છે તે સ્વામિનીજી સહિતનું નથી. શ્રીબાલકૃષ્ણજીનું નિધિ સ્વરૂપ તો શ્રીગુસાંઈજીએ પોતાના લાલન શ્રીયદુનાથજીના મસ્તક પર પધરાવ્યું હતું. બાલકૃષ્ણજીનું આ યુગલ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ પોતાના એકનિષ્ઠ સેવક શ્રીકૃષ્ણભટ્ટજીને સેવાર્થે આપ્યું હતું. આ અલૌકિક સ્વરૂપ આજે રાજકોટની મોટી હવેલીમાં બિરાજે છે અને સ્વરૂપ છે સ્વામિનીજી સહિત શ્રીબાલકૃષ્ણલાલજીનું. આ કૃષ્ણ ભટ્ટનું સેવ્ય સ્વરૂપ છે.

હવે તેઓ વૃદ્ધ થયા હતા. એક દિવસ તેઓ ગોકુલ જવા તૈયાર થયા. તેમના પુત્ર શ્રીગોકુલભટ્ટે કહ્યું, પિતાજી, ગોકુલ જવા માટે આપની પાસે શક્તિ કે સ્વાસ્થ્ય નથી. માટે આપ અહીંથી જ શ્રીમદ્ પ્રભુચરણનાં માનસી દર્શન કરી લો.

પરંતુ શ્રીકૃષ્ણ ભટ્ટજીને પોતાના દેહાંતની ખબર પડી ગઈ હતી. તેથી તેમણે પોતાના પુત્રને કહ્યું, મારી ગતિની બાબતમાં તું ચિંતા ન કરીશ. સર્વસમર્થ શ્રીહરિ પોતાની ઈચ્છા પ્રમાણે બધું જ કરે છે અને કરતા રહેશે. **‘हरिः सर्वं निजेच्छातः करिष्यति ।’** આમ કહીને તેઓશ્રી ગોકુલ જવા લાગ્યા. માર્ગમાં જ તેમનો દેહાંત થયો. તેમના પુત્રે પોતાના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે પિતાજી ન તો ઉજ્જૈનમાં રહ્યા, ન ગોકુલમાં પહોંચ્યા, વચ્ચે જ તેમનો દેહાંત થઈ ગયો. ગોકુલ ભટ્ટે પોતાના પિતાજીના દેહાંતના સમાચાર પત્ર દ્વારા શ્રીગુસાંઈજીને પાઠવ્યા.

શ્રીકૃષ્ણ ભટ્ટ તો શ્રીનાથજીના અનન્ય દાસ હતા. તેમની ગતિ કૃષ્ણચરણને છોડીને અન્યથા થઈ જ ના શકે. જે દિવસે તેઓશ્રીનો દેહાંત થયો તે દિવસે તેમનો દેહ તો ત્યાં પડી રહ્યો પરંતુ તેમનો આત્મા શ્રીજીચરણનાં દર્શન અર્થે ગોકુલ પહોંચી ગયો. શ્રીનાથજીના શૃંગાર કરવાના સમયે શ્રીગુસાંઈજીએ શ્રીકૃષ્ણભટ્ટને ત્યાં જોયા અને પૂછ્યું, ભટ્ટજી, તમે ક્યારે આવ્યા ?

ભટ્ટજીએ કહ્યું, મહારાજ ! અત્યારે જ ચાલ્યો આવ્યો છું.

શૃંગાર ઉપરાંત શ્રીગોપીવલ્લભ ભોગ ધરાવીને શ્રીગુસાંઈજી બહાર પધાર્યા. તેમણે પોતાના સેવકોને પૂછ્યું, કૃષ્ણભટ્ટ ક્યાં છે ?

રામદાસે કહ્યું, મેં ભટ્ટજીને અંદર જતા જોયા છે, બહાર નીકળતા નથી જોયા.

ખૂબ તપાસ કરી તો પણ કૃષ્ણ ભટ્ટનો કોઈ પત્તો ન લાગ્યો. છેવટે એક પત્રવાહકને પત્ર લઈને ઉજ્જૈન મોકલ્યો. પત્રમાં, કૃષ્ણ ભટ્ટ શ્રીનાથજીનાં

દર્શન માટે આવ્યા હતા, ત્યારબાદ ચાલ્યા ગયા, પણ પછી ફરી જોવામાં નથી આવ્યા, તો આ વાત શી છે, એવું પૂછવામાં આવ્યું હતું.

પત્ર વાંચીને ગોકુલ ભટ્ટજી સાનંદ આશ્ચર્ય પામ્યા. તેમણે વિચાર્યું કે મારા પિતાજીનો દેહાંત માર્ગમાં ભલે થયો, પરંતુ તેમનો આત્મા તો શ્રીજીચરણોમાં જ પહોંચી ગયો છે. ત્યારબાદ ગોકુલ ભટ્ટજીએ એક પત્ર લખીને શ્રીગુસાંઇજીને સવિનય જણાવ્યું, મારા પિતાજીનો દેહાંત અમુક તિથિએ થઇ ગયો છે. તેમની ઉત્તરક્રિયા પણ કરી દીધી છે.

પત્ર વાંચીને શ્રીગુસાંઇજીએ કહ્યું, કૃષ્ણ ભટ્ટજીની ગતિ કૃષ્ણચરણારવિંદમાં જ હોઇ શકે. અમે સર્વેએ તે વાતનો અનુભવ કર્યો છે.

આવા પરમ ભગવદીય હતા, શ્રીમત્ પ્રભુચરણના એકનિષ્ઠ સેવક શ્રીકૃષ્ણભટ્ટજી.

* * *

(૩) ઉત્તમ વિદ્વાન પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રીપુરુષોત્તમજી (શહેરા-વીસનગર)

લેખક : શાસ્ત્રીજી શ્રીવ્રજેશકુમારજી પાઠક-વડોદરા.

एषा बुद्धिमतां बुद्धिर्मनिषा च मनीषिणाम् ।
यत्सत्यमनृतेनेह मर्त्येनाप्नोति मामृतम् ॥

આ શ્રીમદ્ ભાગવતની સૂક્તિને ચરિતાર્થ કરનારા ઘણા જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ અને ભક્તયોગીઓ આ ભૂતલ પર ભ્રમણ કરિ પોતાના જીવન અને કવનથી એક ઉમદા મનુષ્યત્વની ઝાંખી કરાવતા હોય છે. પરંતુ આવા મહાપુરુષોના જીવનને તાત્કાલિક ઓળખી શકાતા નથી. છતાંય પુષ્પોની અંદરથી નીકળતી સુવાસ ક્યારે રોકી શકાતી નથી અને વર્ષાના જળથી ભીંજાતી ધરતીમાંથી ભીની માટીની સુવાસ સર્વના મન હૃદયને મસ્ત બનાવી ખબર આપી દે છે કે વસંત ને વર્ષાઋતુ આવી ગઇ છે તેમજ પ્રતિભાસંપન્ન ભક્તિપૂત ભગવદીયોનું પણ સચ્ચરિત્ર બહુવાર સુધી છૂપું રહી શકતું નથી તો એવા જ એક ભગવદીયની ભાવવંદના શ્રીગુરુકૃપા અને શ્રીભગવત્કૃપાએ અવસર સાંપડતા કરી રહ્યો છું.

આજથી ૧૧૯ વર્ષ પહેલાં પંચમહાલ જીલ્લાના શહેરા ગામે વેદમંત્રો અને ભાગવત અને ગીતાના શ્લોકોથી ગુંજતા કાશ્મિરી શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિના શ્રીપીતામ્બર શાસ્ત્રીજીને ત્યાં દ્વિતીય પુત્રરૂપે ઇ.સ.૧૮૯૪ના આસો સુદ ૧૩ ના દિવસે પ્રાતઃકાળમાં સૂર્ય કિરણો સાથે જે પુત્રનો જન્મ થયો તે જ શ્રીપુરુષોત્તમ શાસ્ત્રીજી.

નાનપણથી જ ઘરમાં વેદમંત્રો અને ભાગવત શ્રવણ અને સંતોના આગમનથી મન જ્ઞાન માટે અધીરું બનેલું અને પિતા પાસેથી વારસામાં પણ સનાતન વૈદિક સિદ્ધાન્તો મળ્યા, પણ હૃદય કાંઇક જાણે અલગ અલગારી દુનિયામાં મસ્તાન બન્યું હોય અને કાંઇક શોધતું હોય તેવા સ્વભાવે બુદ્ધિને તીવ્ર કરી કાશી તરફ પ્રયાણ કર્યું અને સંસ્કૃત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી વિશારદતા

પ્રાપ્ત કરી પાછા ફર્યા પોતાના વતનમાં. છતાંય મન રાજીપો ન અનુભવતું કેમકે જેનું મન મારા પ્રિય કાનુડાએ ચોરી લીધું હોય તો પછી તેનું મન હવે બીજે ક્યાં લાગવાનું હતું ?

એવામાં જ તહેવારોના દિવસ આવ્યા અને પોતાના મામા શ્રીમનસુખરામજી શાસ્ત્રીજી જેઓ નિત્ય લી.તૃ.ગૃહાધીશ પૂ.પા.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજશ્રીની પાસે કાંકરોલી ગામે સંસ્કૃત અધ્યાપનાર્થ એવં સાહિત્ય સેવા માટે વિદ્યાવિભાગમાં રહેતા તેમની પાસે પહોંચી ગયા અને ત્યાં ગયા પછી જાણે કાંઇક ખોયેલી વસ્તુ જડી હોય તેવો આનંદ શ્રીદ્વારકાધીશ પ્રભુની સેવા-ઉત્સવોમાં આવવા લાગ્યો અને પૂ.આચાર્યચરણોનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું સાથે શ્રીવલ્લભાધીશના દિવ્ય માર્ગનો પરિચય અને માર્ગ સાથે પ્રણય થયો. ઘણા સમય ત્યાં રહી પોતાના મામા પૂ.આચાર્યચરણ અને અન્ય વિદ્વાનો પાસેથી પુષ્ટિભક્તિમાર્ગીય જ્ઞાન પ્રાપ્ત કર્યું અને કૃષ્ણમાં મન મસ્તાન બનવા માંડ્યું તે વખતે પૂ.શ્રીઆચાર્યચરણોનાં વહુજી (પા) પુરુષોત્તમ શાસ્ત્રીજીને ભાણાભાઈ તરીકે સંબોધતા અને તેવો વ્યવહાર પણ કરતાં એટલું જ નહીં છેક સુધી આપશ્રીએ તે વ્યવહાર નીભાવ્યો. ત્યારબાદ પોતાને ગામ પાછા ફર્યા અને પિતાશ્રી પીતામ્બરજીએ વિચાર્યું કે આને ખૂંટે બાંધીયે તો જીમ્મેદારી સમજે અને મારાં કાર્યોમાં ખભો મેળવી કાર્ય કરે તેથી ખેડા જિલ્લાના વીરપુર ગામના શ્રીછગનલાલ શુક્લની દીકરી નાથીબેન સાથે ગૃહસ્થ દામ્પત્ય જીવનનો પ્રારંભ કરાવ્યો. પરંતુ સૂરદાસજીના શબ્દોમાં કરીયે તો જાકો મન લાગ્યો ગોપાલસોં તાહીં ઔર કૈસે ભાવે હો । એ ન્યાયે શ્રીવલ્લભના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના દિવ્ય સિદ્ધાન્તો અને પુષ્ટિભક્તિના પ્રેમ ભરેલા ભાવોથી હૃદય ભરાઈ જાય પછી પ્રભુ સેવા અને કૃષ્ણ સિવાય કાંઈ ના દેખાય.

હવે આખું ગામ અને એ સમયે બ્રાહ્મણ શિવપંથી અને બધા બ્રાહ્મણોના ગુરુ શંકરાચાર્ય આવી દ્દઢ માન્યતાને આધારે એમને બધા ટોકે પિતાજી પણ વઢે પણ આ ક્યાં માનવાનાં હતાં એવામાં શહેરા ગામે ઈ.સ.૧૯૧૫માં શિવરાત્રીના સમયમાં શ્રીમરડેશ્વર મહાદેવજીના મંદિરમાં મોટો ઉત્સવ અને એમાં તત્કાલીન દ્વારકાપીઠના શંકરાચાર્યજી શ્રીમાધવતીર્થજી પધાર્યા

અને એમણે બધાં ત્રિપુંડ ધારીઓ વચ્ચે એક ૨૧ વર્ષના નવયુવાનને ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરી તુલસીની કંઠી પહેરી બેઠેલા જોયો અને એમણે કહ્યું કે આ વાણિયાઓનો ધર્મ લઈ માથામાં ચિપિયો લગાવી કોણ બેઠું છે એણે વૈદિક ધર્મની મર્યાદાઓમાં નિષ્ઠાવાન બ્રાહ્મણ જાતિને અભડાવી છે. ત્યારે માત્ર ૨૧ વર્ષની ઉંમરના પુરુષોત્તમ શાસ્ત્રી ભરી સભા વચ્ચે ઊભા થઈ શ્રીવલ્લભાધીશનું હૃદયમાં સ્મરણ કરી પુષ્ટિભક્તિમાર્ગ પૂર્ણપણે વૈદિક અને શાસ્ત્રીય છે તેનાં પ્રમાણો આપી શંકરાચાર્યજી સાથે શાસ્ત્રાર્થ કરી એમ સિદ્ધ કર્યું કે શ્રીવલ્લભનો આ દિવ્ય પ્રેમમાર્ગ દરેક વર્ણ અને જાતિ માટે છે. અને આ તિલક એ ચિપિયો નહીં, પરંતુ અભયદાન દેનાર ભગવત્ ચરણચિહ્ન અને ગોલોકની સીડી છે. આથી ગળું કપાય પણ તિલક કે તુલસી કંઠી નહીં છોડું અને એનું પરિણામ એ આવ્યું કે ભરયુવાનીમાં પોતાની ધર્મપત્ની સાથે એમને જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા ત્યારે બધાની સામે શ્રીવલ્લભાધીશનો જય જયકાર કરતા પ્રભુનો પાડ માનતા નરસિંહ મહેતાની જેમ -

'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ'

ત્યાંથી પેટલાદ મુકામે સંસ્કૃત પાઠશાળામાં પ્રાચાર્ય તરીકે ઈ.સ.૧૯૨૦ થી ૧૯૨૬ દરમ્યાન ફરજ બજાવતા ત્યાં રહ્યા. તેમને ૩ સંતાનોની પ્રાપ્તિ થઈ જેમાં પ્રથમ પુત્ર વૈદ્યશ્રીવિઠ્ઠલપ્રસાદજી, દ્વિતીય પુત્ર શ્રીનટવરલાલજી શાસ્ત્રી અને છેલ્લે કલાવતીબેન નામની દીકરીની પ્રાપ્તિ થઈ જ્યારે એમની દીકરી માત્ર અઢી વર્ષનાં હતાં ત્યારે જ એમનાં ધર્મપત્ની નાથીબેનનો ગોલોકવાસ થતાં બન્ને દીકરાઓને ડાકોર સંસ્કૃત પાઠશાળામાં ભણવા મૂક્યા અને તે જ વખતે એક વૈષ્ણવ એવા વીસનગરની જી.ડી. હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રીહીરાલાલ માણેકલાલ શાહે પુરુષોત્તમ શાસ્ત્રીજીને તેમના નાના દીકરી સાથે વીસનગરની નાગર વણિક વૈષ્ણવ પાઠશાળામાં શાસ્ત્રીજી તરીકે આવવાનું આમંત્રણ આપી નિયુક્ત કર્યા ત્યારબાદ શાસ્ત્રીજીએ પોતાનો સ્થાયી નિવાસ વીસનગર મુકામે કર્યો અને પછી ત્યાં પુષ્ટિમાર્ગીય મંડળીની સ્થાપના કરી તેમાં શ્રીસુબોધિનીજી ષોડશગ્રંથો, અણુભાષ્ય ઈત્યાદિનું અધ્યયન ત્યાંના વૈષ્ણવ સમાજને કરાવતા એકવાર નિ.લી.પૂ.પા. ગો.શ્રીદીક્ષિતજી મહારાજશ્રી વીસનગર મુકામે પધાર્યા અને વચનામૃત કરી રહેલ હતા ત્યારે આપશ્રી જ્યારે શ્રીસુબોધિનીજી કે ગીતાજી

કે ષોડશગ્રંથના શ્લોકો કે કારિકાઓ બોલે તો ત્યાંના મંડળીની બહેનો અને વૈષ્ણવો આપશ્રી સાથે બોલવા લાગતાં પૂ.દીક્ષિતજી મહારાજશ્રીને ખૂબ જ આશ્ચર્ય થયું. અને પૂછતાં ખબર મળ્યાં કે શ્રીપુરુષોત્તમ શાસ્ત્રીજી એ આવું ભણાવ્યું છે ત્યારે પૂ.શ્રીદીક્ષિતજી મહારાજશ્રીએ એમના ઘરે પધરામણી કરી અને ખૂબ પ્રેમથી સન્માનથી ગળે લગાવ્યા અને આશીર્વાદ પણ આપ્યાં.

આમ ૪૮ વર્ષ સુધી આ મંડળીમાં સેવાઓ આપી. પુરુષોત્તમ શાસ્ત્રીજીના આવાં કાર્યો અને પ્રવૃત્તિને ધ્યાનમાં લઈ ગો.વા.શ્રીમગનલાલજી શાસ્ત્રીજીના સ્મારકરૂપ શુદ્ધાદ્વૈત સંસદ તરફથી એમને વિદ્વત્ સન્માનથી નડીયાદ મુકામે સન્માન્યા હતાં. તેટલું જ નહીં પરંતુ કાંકરોલી વિદ્યા વિભાગ દ્વારા નિ.લી.પૂ.પા.તૃ.ગૃ.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ.શાસ્ત્રીજીને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું આહ્નિક નામનો દળદાર શાસ્ત્રીય દૃષ્ટાંતો અને વૈજ્ઞાનિક વિવેચનોથી ભરપૂર ગ્રંથ રચ્યો અને બીજા પણ નાના મોટા પુસ્તકો લખ્યાં ત્યારે કાંકરોલી વિદ્યાવિભાગ દ્વારા પૂ.શાસ્ત્રીજીને શુદ્ધાદ્વૈત- ભૂષણ તરીકે સન્માનવામાં આવ્યા હતા.

આવું સિદ્ધાન્ત સેવામય જીવન ગાળતાં ગાળતાં શ્રીપુરુષોત્તમ શાસ્ત્રીજી ઈ.સ.૧૯૭૫ ની શ્રાવણ વદ ૧૨ ને દિને પોતાની પાછળ બે પુત્રો એક પુત્રી અને તેમનો પરિવાર અહીં છોડી પ્રભુનાં ચરણોમાં શરણ થયા.

એમના પરિવારમાં બે પુત્રોમાં પ્રથમ વૈદ્ય શ્રીવિઠ્ઠલપ્રસાદજી શાસ્ત્રી એમના ધર્મપત્ની કપિલાબેન શાસ્ત્રી અને એમને ત્યાં એમના બે પુત્રો મોટા શ્રીરસેશભાઈ શાસ્ત્રી અને બીજા શ્રીવ્રજેશકુમારજી શાસ્ત્રી અને કાલિન્દીબેન નામે કન્યા છે. પૂ.શાસ્ત્રીજીના દ્વિતીય પુત્ર શ્રીનટવરલાલજી શાસ્ત્રીજી અને એમનાં ધર્મપત્ની ચંદ્રાવલી બહેનને ત્યાં પણ બે પુત્ર અને ૨ પુત્રીઓ ૧ મોટા કૃષ્ણાબેન બીજા શ્યામાબહેન, બે પુત્રોમાં મોટા પુત્ર ગોવિન્દભાઈ અને બીજા મુકુન્દભાઈનો સમાવેશ થાય છે.

* * *

(૪) પુષ્ટિમાર્ગના પારસમણિ ગો.વા.પ.ભ. શ્રીનાગરદાસ કા. બાંભણિયા–અમદાવાદ

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત ‘આચાર્ય શ્રીવલ્લભ’ માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : કાન્તિભાઈ ર. ગાંધી – અમદાવાદ

આ.પ.ભ.શ્રીનાગરદાસકાકા વિષે લેખ લખતી વખતે એઓશ્રી સાથેનો સંબંધ ચક્ષુ સમક્ષ તાજો થાય છે. અનેક પ્રસંગો-સંસ્મરણો ભૂલ્યા ભૂલાય એવા નથી. આ.શ્રીનાગરદાસકાકા એક વ્યક્તિ નહીં વિરાટ્ સંસ્થા હતા. પ્રાચીન શબ્દોમાં કહું તો અષ્ટછાપ ભક્ત કવિ શ્રીસૂરદાસજીની જેમ તેઓ પુષ્ટિમાર્ગના વિશાળ જહાજ હતા. એમનામાં અણમોલ, અદ્‌ભુત ખજાનો, લૂંટો તો યે ખૂટે નહીં એવા અમૂલ્ય રત્નોનો ભંડાર હતો. આપણું કમભાગ્ય છે કે આપણે સૌ અમૂલ્ય પુષ્ટિમાર્ગના રત્નનો જોઈએ તેવો ઉપયોગ કરી શક્યા નહીં.

એઓશ્રીનો જન્મ સૌરાષ્ટ્રમાં માંગરોળ રાજ્યમાં સં.૧૯૬૫માં અધિક શ્રાવણ સુદ અગિયારસને બુધવારે તા.૨૮-૭-૧૯૦૯ ના પ્રાતઃકાળે થયો હતો. આપશ્રીના પિતા કાશીરામ શાસ્ત્રી પણ પુષ્ટિસંપ્રદાયના મોટા વિદ્વાન હતા. એઓશ્રીની દાદીમાને કારણે ઘરમાં બ્રાહ્મણ આચાર-વિચારની સાથે વૈષ્ણવ સંસ્કાર ભળ્યા. એઓશ્રીના માતાનું નામ સૌ. કસ્તુરબા (દેવકી) હતું.

પિતાશ્રીની છત્રછાયા નીચે ગુજરાતી શાળાઓમાં તેમજ પાઠશાળાઓમાં અભ્યાસ શરૂ થયો. ઈ.સ.૧૯૨૭માં નાગરદાસભાઈ માંગરોળની કોરોનેશન હાઈસ્કૂલમાં મેટ્રિક્યુલેટ થયા. એ વખતની મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષામાં સંસ્કૃતમાં વધુમાં વધુ માર્કસ મેળવી અનેક સ્કોલરશિપો મેળવી હતી. એ પછી અમદાવાદમાં ગુજરાત કોલેજમાં બી.એ.થયા. એ પછી પૂનાની ડેક્કન કોલેજમાં ગો.વા. પ્રો.મગ્નલાલ શાસ્ત્રીજી

પાસે વધુ અભ્યાસ માટે મોકલ્યા. એઓશ્રીએ શાસ્ત્રીજી પાસેથી અણુભાષ્યનું પ્રથમ-ઉત્તમ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઘરના સંસ્કાર, વૈષ્ણવોની હુંફ અને પ્રો.શાસ્ત્રીજીના વાત્સલ્યે નાગરદાસભાઈના જીવન ઘડતરમાં અસાધારણ ફાળો આપ્યો. સને ૧૯૩૩માં એમ.એ. થઈને ઝાલા વેદાંત અને ભાંડારકર પ્રાઈઝ મેળવ્યા. એ પછી અમદાવાદમાં આવી એલ.એલ.બી. થયા અને એ પરીક્ષામાં પણ હિન્દુ કાયદાના વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા. એ પછી ઈ.સ.૧૯૩૭મા બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય તરીકે નિમણુંક થઈ. અમદાવાદમાં શરૂઆતથી જ નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજના સંપર્કમાં રહેતાં હતાં. એ પછી એક ભગવદીય વૈષ્ણવનો સંપર્ક વધતા હૃદયમાં મનમરજાદ લેવાનો નિશ્ચય દૃઢ કર્યો અને જીવનમાં અંતિમ શ્વાસ સુધી એ ટેક નિભાવી.

એઓશ્રીને ગો.વા.શાસ્ત્રીજી મન્નલાલભાઈ તરફથી એક પ્રબળ ઉપદેશ મળેલો કે શ્રીવલ્લભવંશ એ વૈષ્ણવો માટે શ્રીવલ્લભ સ્વરૂપ છે. આ સંસ્કાર એટલા દૃઢ થયા હતાં કે કોઈ પણ ગોસ્વામી બાલક, કોઈ પણ જાતની આજ્ઞા કરે તો પોતાના લૌકિક મોભાનો જરાય વિચાર કર્યા વિના પાલન કરતાં. એટલે સુધી કે ગો.બાળકોના જલઘરીયાના કાર્યમાં કે પછી એસ.ટી. કે ટ્રેઈનની ટીકીટો પણ લેવા જતા હતા. પોતાના શૈક્ષણિક કારકિર્દી કે સ્થાનનો લવલેશ ખ્યાલ કરતાં ન હતાં.

મુંબઈ યુનિવર્સિટીએ એઓશ્રીને સંસ્કૃત અને પ્રાચીન સંસ્કૃતિ એ બે વિષય પર બીજા બધા કરતાં સૌથી પ્રથમ માન્યતા આપી. એઓશ્રીના જીવનનો મોટો ભાગ અધ્યયન અને અધ્યાપનમાં ગયો છે. એઓશ્રીનું વાંચન ભારે વિશાળ હતું. જગતના પ્રથમ પંક્તિના ઉત્તમમાં ઉત્તમ અંગ્રેજી લેખકોના પુસ્તકો વાંચેલા ને મોંઘી કિંમતે ખરીદીને વસાવેલા. એક પ્રસંગ મને યાદ છે એઓશ્રીના હાથમાં આચાર્ય રજનીશનું મોંઘી કિંમતનું પુસ્તક જોયું. એ વાંચવામાં તલ્લીન હતાં, મને એ જોઈને ખૂબ નવાઈ લાગી એટલે પૂછ્યું કે આવા પુસ્તકોમાંથી તમારે શું મેળવવાનું હોય ? મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે આવા કિંમતી પુસ્તકમાંથી એક વાક્ય પણ ઉપયોગી મળી જાય તો મારે માટે એ પૂરતું છે. - આવી અદ્‌ભુત અભ્યાસ-વાંચન પ્રત્યેની લગની

જોઈને મારું મન નમી પડ્યું. આવાં પુસ્તકો કોઈ પાસેથી માંગીને નહી, લાયબ્રેરીમાંથી લાવીને નહીં પણ જાતે જ ખરીદીને વસાવતાં હતાં. પોતાના જીવનની સાદાઈ ને કરકસરની બચત આ રીતે કરતા હતા.

શરૂઆતથી જ એઓશ્રીની એવી ભાવના હતી કે ગોસ્વામી બાળકો યુનિવર્સિટીના શિક્ષણથી પણ વંચિત ન રહે. કામવનવાળા પૂ.ગો.શ્રીરઘુનાથલાલજી મહારાજને એમ.એ. અને પી.એચ.ડી થવા માટે નાગરદાસભાઈનું માર્ગદર્શન ખૂબ જ મહત્ત્વનું નિવડયું છે. પરમવિદુષી પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજીના પ્રેરણાદાતા વિદ્યાગુરુ તરીકે બાર વર્ષની નાની વયથી સુરત-વડોદરા જઈને નિયમિત અભ્યાસ કરાવતાં હતાં. પૂ.ગો. શ્રીઈન્દિરાબેટીજી ઉચ્ચ દરજ્જા સાથે એમ.એ. થયા છે. આજે નાગરદાસકાકાનું ઋણ આપશ્રી હંમેશ વ્યક્ત કરે છે. તેમજ અ.સૌ. શ્રીવ્રજલતા વહુજીને સાયન્સમાંથી સંસ્કૃતમાં રસ લગાડનારા પ.શ્રીમણિશંકરની સાથે નાગરદાસકાકાનું નામ પણ સામેલ છે. તેઓ સૌ.વહુજીને પી.એચ.ડીમાં પણ માર્ગદર્શન આપતા અને વડોદરા જઈ રોકાઈ વહેલી સવારે ચાર વાગે ઉઠીને ભણાવતા બીજા પણ અનેક ગો.બાળકોનાં શિક્ષણ-અધ્યયનમાં પણ એઓશ્રીનો મોટો ફાળો રહ્યો છે. સાંપ્રદાયિક ગ્રંથ સાહિત્યમાં પણ નિષ્ણાત તરીકે એઓશ્રીએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

તેમના મોટાભાઈ શ્રીકેશવરામ કા.શાસ્ત્રીના નામે દેશભરમાં અને ગુજરાતી સાહિત્યનાં પ્રખર સાહિત્યકાર તરીકે જાણીતા છે. પુષ્ટિમાર્ગના પણ મર્મજ્ઞ તથા માર્ગદર્શક છે ભારત સરકારે પણ કદર કરી પદ્મશ્રીના ઈલ્કાબથી વિભૂષિત કર્યા છે. બન્ને ભાઈઓનો સંપ, આદર ને પ્રેમ ખૂબ જ નિકટનો હતો.

શ્રીનાગરદાસભાઈનું વલણ બચપણથી જ અંતર્મુખી હતું. એઓશ્રીને સતત અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાની ટેવ હતી. જ્યારે પણ જમણો હાથ નવરો પડે ત્યારે સતત માળા ફરતી રહેતી. એ સંસારમાં હોવા છતાં સંસારથી લગભગ અલગ હોય એવો સૌ કોઈને અનુભવ થતો. નકામી વાતચીતો કરવાની તો ટેવ જ ન હતી એટલે કોઈની કુથલી કરવાનું કદી બન્યું નથી. સૌને માટે પ્રેમ અને આદર જ એઓશ્રીની આંખમાં દેખાતા હતાં.

એઓશ્રી પ્રત્યે અન્યાય કરનારને માટે પણ કશું વિરુદ્ધ બોલતાં નહીં. આ સંબંધમાં એ યાદગાર પંક્તિ સંસારથી સરસો (સાથે) રહે અને મન મારી પાસ પ્રમાણે સંસારમાં બધાં કામો, બધી ફરજો અદા કરવામાં સંપૂર્ણ આદર અને કાર્યશીલતા છતાં ચિત્ત કોઈ અલૌકિક સંકેત તરફ જ રહેતું. ગીતાની પરિભાષામાં કહીએ તો પૂર્વ જન્મના કોઈ યોગ ભ્રષ્ટ આત્માનું અવતરણ હતું એમ લાગે છે. એટલે જ તો નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજશ્રી (અમદાવાદ) વારે વારે નાગરદાસ ! તું તો મારો દમલો છે. મારો નાગિયો છે એથી વધારે કહું તો તું નંદદાસ છે, દયારામ છે. એ બધાનાં દર્શન તારામાં થાય છે. તું ઘણો જ ભાગ્યશાળી છે. તારા પર સૌની કૃપા છે. દામોદરદાસને દયારામના જેવી તારી સુંદર મનોહર મુખાકૃતિ છે. તું અલૌકિક વ્રજ-રજથી પ્રગટ થયેલો છે. મહાગુજરાતના સમર્થ કલાગુરુ શ્રીરવિશંકર રાવળ પણ કહેતા કે નાગરદાસભાઈનું મોઢું ને કાઠું રસકવિ દયારામભાઈના જેવું જ છે. નાગરદાસભાઈનું ચિત્ર તે જ દયારામનું ચિત્ર. નાગરદાસભાઈએ આજીવન દાસભાવે, દીનતા સહિત સેવાદિ કરીને એ નામને, એ સ્વરૂપને સાર્થક કર્યું છે.

એઓશ્રીની સાદાઈ, નમ્રતા અને વિદ્વત્તા સહિત દીનતાનો જોટો તો ક્યારે જોવા મળે એવો નથી. વેશભૂષા ઉપરથી કોઈ ન માને કે એઓશ્રી એમ.એ. એલ.એલ.બી. હશે. વેદાંત ને સંસ્કૃતના પ્રથમ પંક્તિના જાણકાર હશે. રસ્તે મળે ત્યારે કોઈ સાધુ-બાવા સમજીને ભીખ પણ આપવા જાય. એ વખતે નાગરદાસકાકાનું બોખું મોં હસી પડે, સાદાઈની અજોડ મૂર્તિ, દીનતાના સાગર, સ્વભાવે શાંત, પ્રશાંત, મુખ પર સદાયે હાસ્ય, ક્રોધ તો ક્યારેયે ન જડે, પંડિતાઈનું જરાયે અભિમાન નહીં. સેવા સ્મરણાદિના-કીર્તનાદિના રસિયા, આકર્ષક ગૌરવર્ણ છતાં શાંત, સૌમ્ય દેહ-મહાનુભાવી તાદશીજન પરમ ભગવદીય વૈષ્ણવ હતા. આજના યુગમાં એવા મહાનુભાવ ક્યારે એ જોવા ન મળે.

ગોસ્વામી બાળકોની સેવા એ જ જીવનનું અંતિમ ધ્યેય-અને એ ધ્યેય - માટે જ એ જીવ્યા ને ગોલોકવાસી થયા. અકસ્માત પછી હોસ્પિટલમાં અમે સૌ સતત ઉપસ્થિત રહેતા હતાં. અપાર વેદના છતાં મનોબળ મજબૂત હતું. આઠ દિવસ હોસ્પિટલમાં રહ્યા ત્યારે સતત પ્રભુસ્મરણ મુખેથી રટતા રહેતા હતાં. ભારે કષ્ટ છતાં દુઃખનો ઉંહકારો પણ કોઈએ સાંભળ્યો નથી. લૌકિકમાં મન રહ્યું ન હતું. પરિવારની, સ્વજનોની, મિત્રોની, વૈષ્ણવોની ડોક્ટરોની-અજોડ-સારવારને સેવા છતાં નાગરદાસકાકા સં.૨૦૩૬ના મહા વદ આઠમને શનિવારે બપોરે હરિશરણ થયા.

રસના પણ એમની મધ-રસના અસ્ખલિત વહેતા ઝરણાસમી, સદા સેવા રસ સુબોધિની રસને કીર્તન રસનો સ્વાદ માણતી ન મણાવતી રહે આ જ એમનું અષ્ટપ્રહરનું વ્યસન ચિંતન હતું. હરિ, ગુરુ, વૈષ્ણવની સેવાનો મર્મ એમણે ખૂબ સુંદર રીતે જાણ્યો અને પચાવ્યો હતો. શ્રીવલ્લભકુળના બાળકોની સેવા એટલે શ્રીવલ્લભની તમામ ગોસ્વામી બાળકોના શ્રીમહાપ્રભુજીની જેમ દામોદરદાસજી તેમ તેઓ આત્મીય બની ગયા હતા. એટલું જ નહીં પણ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત શ્રીયજ્ઞપુરુષદાસજી અને સંતશ્રી યોગીજી મહારાજ પણ એમને મળવાની ઝંખના રાખતા અને પોતાના સત્સંગીઓને કહેતા કે સેવારસ, પ્રેમરસનો આનંદ માણવો હોય તો એમની પાસે જઈને માણો. આ રીતે એમને કોઈ દાદા કહે, કોઈ કાકા કહે, કોઈ બાપુજી કહે. તો કોઈ ગુરુજી પણ કહેતા, વળી કોઈ મહાત્મા પણ કહે પરંતુ આ સૌની સાથે એમણે એવો ગાઢ નાતો જોડેલો કે સૌ આતુરતાથી એમનું આગમન ઝંખે. એક જ ભાવ એમને માટે સૌ કોઈ ન થતો મિલે કબ શ્રીવલ્લભ કે પ્યારે

ગો.૧૦૮ શ્રીપ્રથમેશજીની આજ્ઞા મુજબ નાગરદાસ વિદ્વાન હોવા છતાં એક નિરભિમાની સંત હતા. શ્રીહરિ, ગુરુ તેમજ વૈષ્ણવો પ્રત્યેના સ્નેહ-અનુરાગ તથા આત્મીયતાના અને સેવા ભાવનાના તેઓ દેદીપ્યમાન ઉદાહરણ હતા. તેમના હરિશરણ થવાથી ભગવદ્ ધર્મપરાયણ જીવિત પુષ્ટિમાર્ગના પ્રતીકરૂપ, એક મહાન આદર્શ વૈષ્ણવ વિદ્વાન આપણને છોડી ચાલ્યા ગયા છે.

* * *